રજૂ તારીખ ૧૪/૦૮/૧૪
દાખલ તારીખ ૧૪/૦૮/૧૪
નિકાલ તારીખ ૧૫/૦૯/૧૮
અવધિ : દિવસ માસ વર્ષ

# અમદાવાદના મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૭, અમદાવાદ.

**ફોજદારી પરચુ.અરજી નં.(નવો)૭૦૦૧૬૦/૨૦૧૪**
**ફોજદારી પરચુ. અરજી નં.(જૂનો) ૧૬૦/૨૦૧૨**
**આંક : ૧૦**

**અરજદારો**

૧. દક્ષાબેન વાઈફ ઓફ વિપુલભાઈ ઝાલા,ઉવ.પુખ્ત,
સહીયારી ઘરવખરીનુ સરનામુ: (સસરા) બધાભાઈ
રામાભાઈ ઝાલા, ગામ:નવા રાયસંગપર, તા.મુળી,
જી. સુરેન્દ્રનગર.
હાલ રહેવાસી: કેરઓફ પોપટભાઈ મોતીભાઈ પરમાર
સવગણનગર વિભાગ-૧, ભીલવાડા પાસે,
અમરાઈવાડી, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા**

૧. બધાભાઈ રામાભાઈ ઝાલા,ઉવ.પુખ્ત,
૨. દેવુબેન બધાભાઈ ઝાલા,ઉવ.પુખ્ત,
૩. જીતુભાઈ બધાભાઈ ઝાલા,ઉવ.પુખ્ત,
૪. ચંપાબેન જીતુભાઈ ઝાલા,ઉવ.પુખ્ત,
૫. મુકેશભાઈ બધાભાઈ ઝાલા,ઉવ.પુખ્ત,
રહેવાસી: ૧,૨ નવા રાયસંગપર, તા.મુળી, જી. સુરેન્દ્રનગર.
તથા નં.૩ થી ૫ જુના રાયસંગપર, તા.મુળી, જી.સુરન્દ્રનગર.

**બાબત** : કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ, ૨૦૦૫ ની કલમ–૧૨ (૧) અન્વયેની અરજી.

**રજુઆત** : અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી જયેશ પરીખ.
પ્રતીવાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી કે.એફ.પરમાર.

**–: ઠ રા વ :–**

**૧.** આ કામે વ્યથીત વ્યકિત ધ્વારા ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો, ૨૦૦૫ ના કાયદાની કલમ ૧૨ અન્વયે હાલની અરજી લાવી, નીચે મુજબના રાહતના હુકમો માંગવામાં આવેલ છે.(જેને હવે પછી ટુંકમા 'ઘરેલુ હિંસાખોરી'નો કાયદો તરીકે ઉલ્લેખ કરવામા આવેલ છે)

૧. પ્રતીવાદીઓ સામે કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ, ૨૦૦૫ ની કલમ–૧૮, ૧૯, ૨૦ તથા ૨૨ ની દાદ માંગવામાં આવેલ છે.

**૨.** **હકીકત :** આ કામે અત્રેની કોર્ટ ધ્વારા તા.૩૧/૧૨/૧૬ના રોજ આખરી હુકમ આપી અરજદાર અને સગીરના ભરણપોષણ, વળતર તથા અન્ય મળવાપાત્રના દાદના હુકમ કરવામા આવેલ. પરંતુ, અત્રેની કોર્ટના હુકમથી નારાજ થઈ સામાવાળા ધ્વારા ક્રિમી. અપીલ નં.૨૬૬/૧૭ થી અપીલ કરવામા આવેલ. જેમા નામ. સેશન્સ કોર્ટ ધ્વારા તા. ૭/૯/૧૭ના રોજ સામાવાળાની અપીલ અંશતઃ મંજુર કરી, અરજદાર તથા સામાવાળા ધ્વારા અન્ય પુરાવાઓ રજુ કરવા દેવા અને જે પુરાવાઓ ધ્યાને લઈ ગુણદોષ ઉપર અરજીનો યોગ્ય નિકાલ કરવા જણાવેલ છે. જે આધારે સામાવાળાનો જવાબનો હકક પુનઃસ્થાપિત કરી, સામાવાળાએ રજુ કરેલ જવાબ રેકર્ડ ઉપર લીધેલ તથા સામાવાળા તરફે અરજદારની ઉલટતપાસ થયા બાદ કામ સામાવાળાના

પુરાવાના સ્ટેજે રાખી પુરાવો રજુ કરવા પુરતી તક આપવા છતાં સામાવાળાએ પુરાવો રજુ કરેલ ન હોય તેમનો પુરાવો બંધ થયેલો જાહેર કરેલ છે.

**અરજદારની અરજી હકીકત મુજબ** લગ્ન સામાવાળા નં. ૧ ના પુત્ર વિપુલભાઈ ઝાલા સાથે તા.૭/૫/૧૯૯૮ની સાલમા અમદાવાદ મુકામે, જ્ઞાતીના રીત રીવાજ મુજબ વડીલો અને સગા સંબંધીઓની હાજરીમા થયેલ અને લગ્ન બાદ તેણી તેના પતિ સાથે તેમના માતા–પિતા તરફથી આપવામા આવેલ કરીયાવર લઈને તેની સાસરીમા સંયુકત કુટુંબમા રહેવા ગયેલા અને શરુઆતમા તેણીને સારી રીતે રાખેલ અને તે બાદ પુત્ર અને પુત્રી બે બાળકોને જન્મ આપેલ, અરજદાર ના પતિ નોકરી કરતા હતા ત્યા હુમીયાણા રહેવા ગયેલા, તેમના પતિને એચ.આઈ.વી. એઈડસની બીમારી હોય, તા.૧૧/૯/૧૩ના રોજ ગુજરી ગયેલા છે, તેમના પતિની બીમારી તેમની પુત્રીને પણ થયેલી, તેમના નવા રાયસંગપર ગામે આવેલ સ્વતંત્ર મકાનમા તેણી રહેવા જતા સાસરીવાળાઓએ બધાએ એકસંપ થઈ તેમને શારિરીક, માનસિક ત્રાસ આપવાનુ શરુ કરેલ, તથા તેમના પતિ આશ્રમ શાળામા નોકરી કરતા હોય શાળા તરફથી તેમના પતિના તબીબી ખર્ચમા તથા ગુજરી જતા રુ.૧,૦૦,૦૦૦/– ફાળા પેટે આપવામા આવેલ જે રકમ અરજદાર તથા બંને બાળકોના નામે મુકવાના બદલે તેઓએ લઈ લીધેલ અને સામાવાળાઓ એકબીજાના મેળાપીપણામા અરજદારને શારિરીક માનસિક ત્રાસ આપવાનુ શરુ કરેલ, અને તેમના પતિ ધ્વારા તેઓની સ્વપાર્જીત મીલકતમાંથી ખરીદેલ મકાન પચાવી પાડેલ છે તેમના ઘરની તમામ ઘરવખરી તમામ ચીજવસ્તુઓ તેમના પતિ ગુજરી જતા આ કામના સામાવાળાઓએ લઈ લીધેલ છે અને પહેરેલ કપડે તેમના બાળકો સાથે ઘરમાંથી કાઢી મુકેલ

છે અને વારસાઈ મીકલત આશરે ૩૦ વીઘા જેટલી જમીન હતી તે પૈકી તેઓએ તેમના પતિના ભાગે આવતી જમીનમાંથી અઢી વીઘા જમીન વેચી મારેલ છે અને સાડા સાત વીઘા જમીન ઉપર તેમના સાસરીવાળા વાવણી કરીને પાક લે છે પરંતુ, તેની કોઈ આવક તેણીને આપતા નથી અને તેમને ફાળવવામા આવેલ પ્લોટ ઉપર મકાન બનાવવા તેમના જેઠ જીતુભાઈ બધાભાઈ ધ્વારા પચાવી પાડવામા આવેલ છે

વધુમા તેમના પતિ આશ્રમશાળામા નોકરી કરતા હોય લોન ઉપર એક બાઈક નં.જી.જે.૧૦ એફ.૩૯૩૯ છે જે લોન ઉપર છોડાવેલ જે તેમના નણદોઈ સતીષભાઈ માવજીભાઈ ધ્વારા તેમના ઘરની ચાવી લઈ જઈને રોકડ રકમ દરદાગીના પોસ્ટ બચતખાતાની ચોપડી, એલ.આઈ.સી પોલીસ વિ. એકબીજાની મદદગારીમા ગુમ કરી દીધેલ અને પહેરેલ કપડે ઘરમાથી કાઢી મુકેલ, તેમની અને તેણીની પુત્રીને પણ એઈડસની બીમારી લાગુ પડેલ હોય સામાવાળા રાખવા તૈયાર નહોતા અને તેણીના માતાપિતાના ઘરે જતી રહેવા જણાવતા, અને બળજબરીથી તેમના પુત્રને આ બીમારી ન હોવાથી કબજો લેવા કોશીશ કરે છે અને ધાકધમકી આપે છે. હાલમા તેણી અને તેમની દીકરી એઈડસની બીમારી હોય બંનેનો દવાદારુનો ખર્ચ વધુ આવેછ તેમજ તેમની પુત્રી ધોરણ ૧૦મા અભ્યાસ કરે છે, પુત્ર ધોરણ–૪મા અભ્યાસ કરે છે. હાલ બંને તેમની પાસે છે તેમજ ભણતરનો ખર્ચ પણ તેમના પિતા તથા ભાઈ ઉપાડે છે તેણી કોઈ હુન્નર ઉદ્યોગ જાણતી નથી તેમની પાસે આવકનુ કોઈ સાધન નથી સાસરીવાળા ખેતીની જમીનમાંથી વાર્ષીક રૂા.૪,૦૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે છતા પણ તેની આવકનો કોઈ હીસ્સો તેમને કે તેમના બાળકોને આપતા નથી તેમના પતિ ગુજરી ગયા બાદ તેમની પાસે આવકનુ કોઈ સાધન નથી હાલતેઓ તેમના માતાપિતાના ઘરે નિરાધાર હાલતમા તેમના બંને બાળકો સાથે રહે છે તો તેમના સાસરીવાળા

પાસેથી તેમને તથા તેમના બંને બાળકોના ભરણપોષણ પેટે માસીક રૂા.૨૦,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરશોજી અને અમદાવાદ મુકામે સ્વતંત્ર મકાન લઈ આપે અથવા મકાન ભાડુ રૂા.૧૦,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા વિનંતી છે હાલમા તેઓ બંને બાળકોનો કબજો તેમની પાસે છે તે તેમના સાસરીવાળા બળજબરીપુર્વક કબજો લઈ ન લે તેવો હુકમ કરવા અને તેમની દીકરીને દવા ખર્ચ પેટે તથા તબીબ ખર્ચ પેટે માસીક રૂા.૧૫,૦૦૦/– તેમની સાસરીવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા અને તેમના બાળકો સાથે ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલ હોય લીસ્ટ મુજબનુ સ્ત્રીધન તેમના સાસરે છે તે પરત આપે તેવો હુકમ તથા શારિરીક માનસિક ત્રાસના વળતર પેટે રૂા.૧૦,૦૦,૦૦૦/– ચુકવી આપે તેવો હુકમ કરવા વિનંતી કરેલ છે.

૩. આ કામના સામાવાળાઓ તરફે આંક–૧૧ થી અરજીનો જવાબ રજુ કરી રજુઆત કરેલ છે કે, અરજદારની અરજીની ખોટી અને ઉપજાવી કાઢેલ આક્ષેપો વાળી હોય કબુલ મંજુર નથી, અરજદારથી પતિની બીમારી છુપાવી લગ્ન કર્યાની હકીકત અને પુત્રી પલ્લવીને પણ તેના કારણે બીમારી લાગુ પડયાની હકીકત ઉપજાવી કાઢેલ છે, તેમજ આશ્રમ શાળા તરફથી તેમના પતિને ફાળા પેટે રકમ આપેલ હોવાની હકીકત અને એકબીજાના મેળાપીપણામા શારીરીક માનસિક ત્રાસ આપેલાની હકીકત અને પહેરેલ કપડે કાઢી મુકેલ હોવાની હકીકત ઉપજાવી કાઢેલ છે, આ ઉપરાંત તેમના પતિના ભાગે ૧૦ વીઘા જમીન આવતી હોવાની હકીકત અને મળેલ પ્લોટ જીતુભાઈ બધાભાઈ ધ્વારા પચાવી પાડયાની હકીકત પણ ખોટી છે, આ ઉપરાંત હોસ્પીટલ સારવાર દરમીયાન રોકડા, દરદાગીના તથા પોસ્ટની ચોપડી અને બેંકની પાસબુક, એફ.ડી ની પહોંચો ગુમ કરી દેવાની

હકીકત પણ પણ ઉપજાવી કાઢેલ છે તેમજ અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા ન હોવાની હકીકત અને સાસરીવાળા વાર્ષીક રૂા.૪,૦૦,૦૦૦/– આવક મેળવતા હોવાની હકીકત પણ ઉપજાવી કાઢેલ છે, અરજદારને કોઈ શારીરીક માનસિક ત્રાસ આપેલ નથી તેમજ અરજદારના પતિ તા.૧૧/૯/૧૩ના રોજ ગુજરી ગયેલ છે, જેથી અરજી કાયદેસર ટકી શકે તેમ નથી અને સામા. નં.૧,૨ ના વૃધ્ધ ઉંમરના છે અને કામ કરી શકે તેમ નથી, જેથી અરજદારની અરજી રદ કરવા વિનંતી છે.

૪. આ કામે અરજદાર તરફે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર દક્ષાબેન વિપુલભાઈ ઝાલાની જુબાની | ૭ |
| ૨. | સામાવાળા બધાભાઈ રામાભાઈના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૧ ની જમીન અંગે નમુનો નં. ૭ની નકલ. | ૧૪. |
| ૩. | સામાવાળા બધાભાઈ રામાભાઈના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૧ ની જમીન અંગે નમુનો નં. ૧૨ની નકલ. | ૧૫ |
| ૪. | સામાવાળા બધાભાઈ રામાભાઈના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૧ ની જમીન અંગે ૮અ ની નકલ. | ૧૬ |
| ૫. | સામાવાળા બધાભાઈ રામાભાઈના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૧ ની જમીન અંગે હકકપત્રકની નકલ. | ૧૭ |
| ૬. | સામાવાળા દેવુબેન બધાભાઈ ના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૧ ની જમીન અંગે નમુનો નં. ૭ની નકલ. | ૧૮. |

૩. સામાવાળા બધાભાઈ રામાભાઈના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૨ ની જમીન અંગે નમુનો નં. ૧૨ની નકલ. ૧૯

૪. સામાવાળા દેવુબેન બધાભાઈ ના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૨ ની જમીન અંગે ૮અ ની નકલ. ૨૦

૫. સામાવાળા દેવુબેન બધાભાઈ ના નામે મોજે રાયસંગપર તા. મુળી ખાતે આવેલ સર્વે નં.૨૧૬ પૈકી ૨ ની જમીન અંગે હકકપત્રકની નકલ. ૨૧

૬. સામાવાળા દેવુબેન ઝાલાના નામે ટ્રેકટર રજી. નં.જી.જે.૧ ૩.એમ.૮૧૬૯ની મેગ્મા ફાયનાન્સ થી ખરીદી કર્યા અંગેના પત્રની નકલ. ૨૨.

અરજદાર તરફે કલોઝીગ પુરસીસ રજુ કરી, પુરાવો પુરો થયેલ જાહેર કરતા કામ સામાવાળાના પુરાવા પર મુલતવી રાખવામાં આવેલ.

પરંતુ, આ કામના સામાવાળાને પુરાવો રજુ કરવા પુરતી તક આપવા છતાં સામાવાળા તરફે પુરાવો રજુ ના કરતા તેમનો પુરાવો બંધ થયેલો જાહેર કરવામાં આવેલ.

ત્યારબાદ આ કામે પક્ષકારોની દલીલોના સ્ટેજે રાખવામાં આવતા સામા કે તેમના વિ.વકીલશ્રીએ જાતે પોતે હાજર રહી દલીલો રજુ ના કરતા સામા. ની દલીલોનો હકક બંધ કરી અરજદાર તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

**૫.** આ કામે રેકર્ડ પરનો પુરાવો તથા અરજદાર પક્ષની દલીલ તથા ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૦૫ ની જોગવાઈ ધ્યાને લેતા સદરહુ અરજીના નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

// **મુ દા ઓ** //

૧. શું અરજદાર સાબિત કરે છે કે, આ કામનાં પ્રતીવાદી –ઓએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ છે ?

૨. શું અરજદાર તેઆની અરજીમા માંગ્યા મુજબની આ કાયદાની કલમ–૧૮, ૧૯, ૨૦ તથા ૨૨ તળેની દાદો મેળવવા હકકદાર છે ?

૩. શું હુકમ ?

૬. // **ન્યાયિક નિર્ણયો** //

૧. હકારાત્મક

૨. અંશતઃ હકારાત્મક

૩. આખરી હુકમ મુજબ.

## // નિર્ણય કારણો //

**<u>મુદા નં. ૧ </u>:–** " શું અરજદાર સાબિત કરે છે કે, આ કામનાં પ્રતીવાદીઓ એ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ છે ? "

**" હકારાત્મક "**

**અરજદાર તરફે મૌખિક પુરાવો :**

૭. આ કામે અરજદારે સરતપાસના સોગંદનામાથી અરજદારે પોતાની મૂળ અરજીની હકીકતો દહોરાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષે ઉલટતપાસમા અરજદારે સ્વીકારેલ છે કે, તેણીના લગ્ન બાદ તેમના પતિ સાથે રહેવા ગયેલ, ત્યારબાદ ઘર કંકાસ થતા બીજે રહેવા ગયેલ, અને કંકાસ બાબતે નજીકના પો.સ્ટે. કોઈ ફરીયાદ કરેલ નથી. અને શારીરીક માનસિક ત્રાસ બાબતે કોઈ પુરાવા સરતપાસમા રજુ કરેલ નથી. વધુમા સ્વીકારે છે કે, ટ્રેકટરનો ભાગ આપવા કોઈ લેખીત પુરાવો નથી. તેમના પતિના નામે પ્લોટ, મકાન અંગેના

તેમની પાસે કોઈ પુરાવા નથી. તેમના પતિની કાર, બાઈક તથા ઘર વખરીનો તમામ સામાન તેમના સસરાએ જણાવેલ છે.તે તમામ ત્યા પડેલ છે. તેમને તેમના સસરાએ શુ હાનિ પહોચાડેલ તેના કોઈ લેખીત પુરાવા તેમની પાસે નથી. તેમજ સાસુ તેડી જવા તૈયાર હોય તો જવા તૈયાર હોવાનુ જણાવેલ છે.

૮. આમ, આ કામે સમગ્ર પુરાવો જોતાં, એવું ફલિત થાય છે કે, બંને પક્ષકારોનાં લગ્ન થયેલાં છે. લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેવા ગયેલાં હતાં. વધુમાં અરજદારનો પુરાવો જોતાં, પ્રતિવાદીઓએ અરજદારને ઘરેલુ હિંસા આચરેલ હોવાનું જણાઈ આવે છે. આ કામે અરજદારે પ્રતિવાદી નં.૧ ના પુત્ર સાથે લગ્ન કરેલ છે. સંયુક્ત કુટુંબમાં રહેવા ગયેલ હતાં, ત્યાં પ્રતિવાદીઓ ઝઘડો કરતાં હતાં અને આ કામના અરજદાર તથા તેની પુત્રી બીમાર છે વિશેષમાં પ્રતિવાદીઓએ અરજદારને સંતાન સાથે પહેરેલ કપડે શારીરીક માનસિક ત્રાસ આપી કાઢી મુકેલા છે આમ, અરજદારને પ્રતિવાદીઓ તરફથી ઘરેલુ હિંસા આચરેલ હોવાનું સાબિત થાય છે. વધુમાં ઘરેલું હીસાખોરીના કાયદા તળેની અરજીમાં અરજદારે ભારતીય દંડ સંહીતા કલમ–૪૯૮(ક)માં જણાવ્યા મુજબનો ત્રાસ તેઓને હોવાનું સાબીત કરવાની જરૂર નથી. તેમજ આ કામે ઘરેલું હીસાના કાયદા અન્વયે પ્રોટેકશન ઓફીસરશ્રીએ રજુ કરવામાં આવેલ અહેવાલ ધ્યાને લેતા અરજદારને શારીરિક–માનસિક ત્રાસ આપતાં હોવાનું તેમજ મારકુટ કરતા હોવાનું પ્રતીવાદીઓનું કૃત્ય, કાર્ય અને વર્તન, વ્યવહાર ધ્વારા શારિરીક, જાતીય, મૌખીક તથા આર્થિક દુર્વ્યવહાર કરી, પ્રતીવાદીઓએ આ કાયદાની કલમ–૩ મુજબની ઘરેલુ હિંસા અરજદાર પ્રત્યે આચરેલ હોવાનું આ

કોર્ટનું માનવું છે. જેથી મુદ્દા નં–૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૨</u> :–**"શું અરજદાર તેઆની અરજીમા માંગ્યા મુજબની આ કાયદાની કલમ –૧૯ તથા ૨૦ તળેની દાદો મેળવવા હકકદાર છે ? "

**"અંશતઃ હકારાત્મક"**

૯. આમ, જયારે આ કામના પ્રતિવાદીઓ ધ્વારા આ કામના અરજદાર સાથે ઘરેલું હિંસા આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે ત્યારે શું અરજદાર ધ્વારા તેમની અરજીમાં માંગેલ દાદો તેમને મળવાપાત્ર છે કે કેમ ? તે અંગે રેકર્ડ પરના પુરાવાનું 'ઘરેલુ હિંસાખોરી' ના કાયદાની જોગવાઈ અનુસંધાને મુલ્યાંકન કરવામા આવે તો અરજદારે આ કાયદાની કલમ –૧૯ મુજબની દાદ માંગવામાં આવેલ છે ત્યારે "ઘરેલુ હિંસાખોરી' ના કાયદાની કલમો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

૧૦. **કલમ ૧૮ :** આ કલમ મુજબ અદાલતને વ્યકિતને રક્ષણનાં આદેશ આપવાની સત્તા આપવામાં આવેલ છે. આ કામે ઉપરોકત ચર્ચા કરી, તે અનુસાર પ્રતિવાદી ધ્વારા ઘરેલુ હિંસા આચરેલ હોવાનું સાબિત થયેલ છે, ત્યારે આ કલમ અન્વયેનું રક્ષણ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૧૧. **કલમ ૧૯ :** અરજદારે તેમની અરજીમાં આ કાયદાની કલમ–૧૯ મુજબ અલગથી રહેઠાણનો હુકમ મેળવવા અરજ કરેલ છે. આ દાદ અંગે રેકર્ડ પરનો પુરાવો તથા કલમ–૧૯ ની જોગવાઈ જોવામાં આવે તો આ કલમ મુજબ જયારે મેજીસ્ટ્રેટને કલમ–૧૨(૧) ની અરજીનો નિકાલ કરતી વેળાએ એવો સંતોષ થાય કે અરજદાર સાથે ઘરેલુ હિંસા બની છે તો મેજીસ્ટ્રેટ

રહેઠાણનો હુકમ કરશે. હવે, આ કામે ઉપરોકત મુદા નં.૧ માં ચર્ચા કર્યા અનુસાર પ્રતિવાદીઓએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ હોવાનુ સાબીત થયેલ છે. તેમજ અરજદારે સામાવાળા પાસે યોગ્ય પ્રમાણમા મીલકતો હોવાના દસ્તાવેજ રજુ કરેલ છે. તેમજ આ કાયદાની કલમ–૧૯(સી) ધ્યાને લેતા વ્યથિત વ્યકિત જે છત્રછાયા હેઠળના મકાનમા રહેતા હોય તેના કોઈપણ ભાગમાં પ્રતિવાદીઓ –ને અથવા તેના કોઈ સગાઓને પ્રવેશતા રોકવા હુકમ કરી શકાય.

**૧૨. કલમ ૨૦ :** આ કામે અરજદાર ધ્વારા નિયત નમુનાની અરજીમાં આ કાયદાની કલમ–૨૦ મુજબ પ્રતીવાદીઓ પાસેથી અરજદારને નાણાકીય સહાય ચુકવે તેવી માંગણી કરેલ છે. આ કામે અરજદારના પતિ ગુજરી ગયેલા છે જયારે આ કામે અન્ય પ્રતીવાદીઓ આવક મેળવે છે, તેવું જણાવેલ છે. જે અંગે આ કામે ક્રિમી. અપીલ નં.૨૬૬/૧૭ ના અન્વયે થયેલ હુકમ અનુસાર અરજદાર ધ્વારા આ કામના સામાવાળા બધાભાઈ રામાભાઈ અને દેવુબેન બધાભાઈના ના નામે સર્વે નં.૨૧૬ પૈકી ૧,૨ ના ૭, ૧૨ અને ૮ અ, હકકપત્રક ના આંક–૧૪, ૧૫, ૧૬ અને ૧૭ ના ઉતારા/નકલો તથા આંક–૧૮ થી ૨૧ના ઉતારા નકલો તેમજ આંક–૨૨ થી રજુ ટ્રેકટર ખરીદીના પત્રની નકલ ધ્યાને લેતા આ કામના સામાવાળાની મીલકત હોવાની હકીકત અને તે મુજબ આવક હોવાની હકીકત ધ્યાને લેવામા આવે છે અને જે મુજબ આખરી હુકમ મુજબ ભરણપોષણના હુકમમા ફેરફાર કરવાનુ યોગ્ય અને વ્યાજબી જણાય છે.

જયારે **કલમ ૨૨ :** અરજદારને પચ્ચીસ લાખ રુપીયા વળતર અપાવવા માંગણી કરાયેલ છે અને તેણીને ઘરેલુ હીસાના ભોગ બદલ વળતર અપાવવા

પાત્ર જણાય છે પરંતુ, સામાવાળાઓની આવક ધ્યાને લીધા બાદ તેવો વળતરનો હુકમ કરી શકાય.અરજદાર ધ્વારા આ કામના સામાવાળા બધાભાઈ રામાભાઈ ના નામે સર્વે નં.૨૧૬ પૈકી ૧,૨ ના ૭, ૧૨ અને ૮ અ, હકકપત્રક ના આંક–૧૪, ૧૫, ૧૬ અને ૧૭ ના ઉતારા/નકલો તથા આંક–૧૮ થી ૨૧ ના ઉતારા નકલો તેમજ આંક–૨૨ થી ૨જુ ટ્રેકટર ખરીદીના પત્રની નકલ ધ્યાને લેતા આ કામના સામાવાળાની મીલકત હોવાની હકીકત અને તે મુજબ આવક હોવાની હકીકત ધ્યાને લેવામા આવે છે અને જે મુજબ આખરી હુકમ મુજબ વળતરના હુકમમા ફેરફાર કરવાનુ યોગ્ય અને વ્યાજબી જણાય છે.

૧૩. આ બાબતે બંને પક્ષની રજુઆતો ધ્યાને લેતા તેમજ આ કાયદાનો મુળભૂત આશય ધ્યાને લેતાં આ કાયદાનો આશય વ્યથિત થયેલ પક્ષકાર ને તાત્કાલીક રાહતો અપાવવાનું તથા આ કાયદા મુજબ તેમને મળવાપાત્ર તમામ રાહતો તથા રેકર્ડ ઉપરથી કોર્ટને યોગ્ય લાગે તેટલી અને તેવી દાદ આ કાયદા તળે કોર્ટ અપાવી શકશે તેવો આ કાયદાનો આશય છે. આ કાયદાની કલમ–૨૦ ધ્યાને લેતાં રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે એ હકીકત નિર્વિવાદ છે કે આ કામના અરજદાર, પ્રતીવાદી નં.૧ ના પુત્રના પત્ની થાય છે અને પ્રતિવાદીના પુત્ર ને એઈડસ જેવી ભયંકર બીમારી હતી અને અવસાન પામેલ છે તેમજ જેના કારણે આ કામના અરજદાર તથા તેમની પુત્રીને પણ આ રોગ લાગુ પડેલ છે જેથી માનવતાના ધોરણે તેણીનું ભરણપોષણ કરવાની નૈતીક અને કાયદાકીય જવાબદારી આ કામના પ્રતીવાદીઓની છે. હવે આ કામે અરજદારને કેટલું ભરણપોષણ મળવાપાત્ર છે તે અંગે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો અરજદાર ધ્વારા આ કામના સામાવાળા બધાભાઈ રામાભાઈ ના નામે સર્વે નં.૨૧૬ પૈકી ૧,૨ ના ૭, ૧૨ અને ૮ અ, હકકપત્રક ના આંક–૧૪, ૧૫, ૧૬ અને ૧૭

ના ઉતારા/નકલો તથા આંક–૧૮ થી ૨૧ના ઉતારા નકલો તેમજ આંક–૨૨ થી રજુ ટ્રેકટર ખરીદીના પત્રની નકલા ધ્યાને લેતા આ કામના સામાવાળાની મીલકત હોવાની હકીકત અને તે મુજબ આવક હોવાની હકીકત ધ્યાને લેવામા આવે છે અને જે મુજબ આખરી હુકમ મુજબ ભરણપોષણના હુકમમા ફેરફાર કરવાનુ યોગ્ય અને વ્યાજબી જણાય છે. તેમજ જયારે અરજદારે પ્રતીવાદી પાસેથી નાણાકીય સહાય માંગેલ છે. કેસના સંજોગો, પ્રતીવાદની આવક, બંને પક્ષકારોના પુરાવા, કાયદાકીય પરિસ્થિતી, તમામ ધ્યાને લેતા પ્રતીવાદી શારીરીક રીતે સક્ષમ અને આંક–૧૪ થી ૨૧ મુજબ રજુ દસ્તાવેજો અન્વયેની મીલકત હોવાનું સાબિત થાય છે. તેમજ જયારે અરજદાર પ્રતીવાદી નં.૧ ના પુત્રના કાયદેસરના પત્ની છે, ત્યારે તેમનું ભરણપોષણ કરવાની જવાબદારી તેઓના શીરે છે અને તે તેઓની નૈતીક તથા કાયદાકીય ફરજ છે, તે તમામ હકીકત ધ્યાને લેતાં તેમજ અરજદારો–ને પ્રવર્તમાન મોંઘવારીના સમયમાં ખોરાક, કપડાં, ઔષધ અને અન્ય સામાન્ય જીવન જરૂરીયાતો ધ્યાને લેતા અરજદારને ભરણપોષણ પેટે માસીક રૂા.૨,૫૦૦/– તથા સગીર પુત્રના અભ્યાસ તથા ભરણપોષણ પેટે માસીક રૃા.૨,૦૦૦/– એમ કુલ રૃા.૪,૫૦૦/– તે જરૂરીયાત પુરી કરવા પ્રતીવાદીઓ સક્ષમ હોવાનું આ કોર્ટનું નમ્રપણે માનવું છે તેવી જ રીતે અરજદારને કલમ:૨૨ મુજબ સામાવાળા પાસેથી રૃા.૧૫,૦૦૦/– અંકે રુપીયા પંદર હજાર પુરા વળતર ચુકવવાનો પણ આદેશ ફરમાવવાપાત્ર જણાય છે.

આમ, ઉપરોકત વિગતે મુદા નં.૨ નો જવાબ અશંતઃ હકારમા આપવામા આવે છે અને હાલની અરજી તળે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુ ક મ ::

**૧.** અરજદારે ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો, ૨૦૦૫ ની કલમ–૧૨ મુજબ કરેલ હાલની અરજી અંશત : મંજુર કરવામાં આવે છે.

**૨.** પ્રતીવાદીઓ સામે આ કાયદાની કલમ–૧૮ મુજબના નીચે મુજબના પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

એ. અરજદાર સાથે ઘરેલું હિંસાખોરીનું કોઈ પણ કાર્ય કરવું નહી.

બી. અરજદાર સાથે ઘરેલુ હિંસાખોરીનું કાર્ય કરવામાં કોઈને કે એકબીજાને મદદ કરવી નહી કે દુષ્પ્રેરણ કરવું નહી.

સી. અરજદાર સાથે કોઈપણ સ્વરૂપમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો નહી. જેમાં વ્યકિતગત, મૌખીક, અથવા લેખીત અથવા ઈલકેટ્રોનીક અથવા ટેલીફોનીક સંપર્કનો સમાવેશ થાય છે.

ડી. અરજદારને ઘરેલું હિંસાખોરીમાંથી બહાર લાવવા જે કોઈ મદદ કરનાર વ્યકિત અથવા અન્ય સગાઓ અથવા આશ્રિતોને હિંસા પહોંચાડવી નહી.

૩. આ ઉપરાંત અન્ય દાદમા કલમઃ ૧૯ મુજબ અરજદારનાઓને

માસીક રુ.૧,૦૦૦/– મકાન ભાડા પેટે અરજી તારીખથી ચુકવી આપવા આથી હુકમ કરવામા આવે છે.

૩. કલમ–૨૦ મુજબ આ કામના પ્રતીવાદી નં.૧ના એ અરજીની તારીખ તા.૧૪/૮/૧૪ થી અરજદારને માસીક રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) તથા પુત્ર ના ભરણપોષણ પેટે રુ.૨,૦૦૦/– એમ કુલ રુ.૪,૫૦૦/–(અંકે રુપીયા ચાર હજાર પાંચસો પુરા) ભરણપોષણ ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. આ કામે વચગાળાનાં તબકકે થયેલ હુકમ મુજબ કોઈ સામાવાળાએ કોઈ રકમ ચૂકવેલ હોય, તો તે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સદરહુ હુકમની જાણ કલમ–૧૯(૭) મુજબ સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધીકારીને કલમ–૧૯ મુજબ કરેલ હુકમના પાલન માટે મોકલવી.

૫. સદરહુ હુકમની નકલ કલમ–૨૦(૪) અન્વયે અરજીના પક્ષકારોને તથા પ્રતિવાદીઓ જે સ્થાનીક હકુમત હેઠણ રહેતા હોય તેવા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને મોકલી આપવી.

૬. કલમ–૨૨ મુજબ વળતર પેટે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૭. આ કામે અરજીના પક્ષકારોને આ કાયદાની કલમ–૨૪ મુજબ આ હુકમની નકલ વિનામુલ્યે પૂરી પાડવી.

નોંધઃ આ કામના અરજદારની દીકરી પલ્લવી તા.૧/૪/૧ ૨૦૧૫ના રોજ ચાલુ કાર્યવાહીએ મરણ ગયેલ હોય તેણીના ભરણપોષણ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

**હુકમ :** તારીખ:**૧૫** મી, સપ્ટેમ્બર સને : ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી મારી સહી/સીકકો કરીને જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૫–૦૯–૨૦૧૮
અમદાવાદ

( આર. બી. સોલંકી )
ઍડી. ચીફ મૅટ્રોપોલીટન મૅજીસ્ટ્રેટ, કૅાર્ટ નં. ૭,
અમદાવાદ.
યુનીક કોડ નં. જીજે–૦૦૧૦૦૯

R D PA